## (1) 'PM-CARES' ફંડ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(i) માત્ર બિમારીઓ સમક્ષની લડાઈ માટે આ ફંડની રચના કરવામાં આવી છે.

(ii) તેમાં વિદેશી સરકાર પણ પોતાનો ફાળો આપી શકે છે.

(iii) PM-CARESના ચેરપર્સન તરીકે RBIના ગવર્નર હોય છે.

(A) માત્ર (i) અને (ii)

(B) માત્ર (ii)

(C) માત્ર (iii)

(D) માત્ર (i) અને (iii)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ PM-CARES (Prime Minister's Citizen Assistance and Relief in Emergency Situation) ફંડની સ્થાપના 27 માર્ચ, 2020ના રોજ એક ચેરીટેબલ ટ્રસ્ટ તરીકે કરવામાં આવી છે.

⇛ તેની રચના આ આપત્તિઓ વિરુદ્ધની લડાઈને ટેકો આપવા માટે કરવામાં આવી છે.

- જાહેર આરોગ્ય આપત્તિ
- અન્ય કોઈ પ્રકારની આપત્તિ
- હોનારત (માનવ જન્ય કે કુદરતી) (આથી વિધાન (i) ખોટું છે.)

⇛ આ ફંડનો ઉપયોગ આરોગ્ય અને દવાઓને લગતી સેવાઓનું સર્જન કરવામાં તેને, અપગ્રેડ કરવામાં, આ બાબતોને લગતાં સંશોધનનું ફંડીંગ કરવા કે અન્ય કોઈ પ્રકારની મદદ કરવા માટે થશે.

⇛ PM-CARES ના ચેરપર્સન તરીકે પ્રધાનમંત્રી હોય છે. (આથી, વિધાન (iii) ખોટું છે.)

⇛ સભ્યો તરીકે રક્ષા મંત્રી, ગૃહમંત્રી અને નાણામંત્રી હોય છે. તથા 3 ટ્રસ્ટીઓને પ્રધાનમંત્રી દ્વારા નિયુક્ત (નોમિનેટ) કરવામાં આવે છે.

⇛ આ ફંડમાં જમાં કરવામાં આવતી રાશિ 100% કર મુક્ત હોય છે.

⇛ આ ફંડમાં બિન સરકારી સંસ્થાઓ (NGO), વ્યક્તિ કે વિદેશી સરકાર ડોનેશન કરી શકે છે. (આથી, વિધાન (ii) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) 'એન્ટિ-સ્મોગ ગન' (Anti Smog Guns) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(i) આ એક પ્રકારનું યંત્ર છે કે જેમાંથી પાણીના છાંટાનો સ્પ્રે વાતાવરણમાં કરી શકાય અને વાયુ પ્રદૂષણને ઘટાડી શકાય.

(ii) આ ગન દ્વારા રજકણો, ધૂમાડાના કણો તથા PM-10ને નિયંત્રિત કરી શકાય છે પરંતું PM2.5ના પ્રદૂષણ માટે તે ઉપયોગી નથી.

(A) માત્ર (i)  (B) માત્ર (ii)

(C) (i) અને (ii) બન્ને  (D) એક પણ નહી

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર દિલ્હીના વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવાના ભાગ રૂપે દિલ્હીના વિવિધ 47 મોટાં પ્રોજેક્ટ હેઠળ એન્ટિ–સ્મોગ ગન મુકવામાં આવી છે.

⇛ આ એક યંત્ર છે જે પાણીના છાંટાનો સ્પ્રે વાતાવરણમાં કરે છે, જેથી વાયુ પ્રદૂષણને ઘટાડી શકાય. (આથી, વિધાન (i) સાચું છે.)

⇛ તેને એક પાણીની ટાંકી સાથે જોડવામાં આવેલ હોય છે તથા આ સમગ્ર રચનાને એક વાહન પર રાખવામાં આવેલી હોય છે જેથી તેને શહેરમાં ફેરવી શકાય.

⇛ તેના દ્વારા 50 મીટર ઊંચાઈ સુધી પાણીનો છંટકાવ કરી શકાય છે. આ રીતે છંટકાવ કરવાના પ્રયોગોમાં હકારાત્મક પરિણામો સામે આવ્યા છે. આ પ્રયોગ દ્વારા રજકણો તથા PM2.5ને પણ નિયંત્રિત કરી શકાયા છે. (આથી, વિધાન (ii) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) 'સોડિયમ હાયપોક્લોરાઈટ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(i) તેનો ઉપયોગ બ્લીચીંગ એજન્ટ તરીકે અને સ્વિમિંગ પુલને સાફ કરવા માટે થાય છે.

(ii) તેનું 1% જેટલું સાંદ્ર દ્રાવણ માણસની ચામડીને નુકશાન કરી શકે છે તથા જો તે શરીરમાં પ્રવેશે તો તે ફેફસાંને પણ નુકશાન કરી શકે છે.

(A) માત્ર (i)
(B) માત્ર (ii)
(C) (i) અને (ii) બન્ને
(D) એક પણ નહી

⇒ જવાબ :- C

**સમજૂતી :**

⇒ તાજેતરમાં લાખો કારીગરો, દૈનિક શ્રમીકો તથા અન્ય મજદૂરો પોત–પોતાના વતન તરફ હાઈ–વે મારફતે પગપાળાં જઈ રહ્યા હતાં. કેટલાંક બનાવોમાં કિટાણુ–મુક્ત કરવા માટે તેમના પર સમૂહમાં એક કેમીકલ છાંટવામાં આવ્યું હતું. આ કેમીકલમાં સોડીયમ હાયપોક્લોરાઈટ મુખ્ય ચેપ–નાશક હતું.

⇒ સોડીયમ હાયપોક્લોરાઈટનો સામાન્ય ઉપયોગ બ્લીચીંગ એજન્ટ તરીકે તથા સ્વિમીંગ પુલને સ્વચ્છ કરવામાં થાય છે. (આથી, વિધાન (i) સાચું છે.)

⇒ તેમાં ક્લોરીન છૂટું પડે છે જે એક ચેપ–નાશક છે. વધુ પ્રમાણમાં ક્લોરીન નુકશાનકારક બને છે.

⇒ આ સોડીયમ હાયપોક્લોરાઈટ જ્યારે 0.25થી 0.5% સાંદ્રતા ધરાવે છે ત્યારે તે ચામડીના ઘાંવ સાફ કરવા માટે વપરાય છે. તથા 0.05% સાંદ્રતા ધરાવતું દ્રાવણ હેન્ડવોશ તરીકે પણ વાપરી શકાય છે.

⇒ પરંતુ જ્યારે તેની સાંદ્રતા 1% હોય છે ત્યારે તે જે–તે માણસની ચામડીને અસર કરે છે. અને જો તે શરીરમાં પ્રવેશે તો તે ફેફસાંને ભારે નુકશાન કરી શકે છે. (આથી વિધાન (ii) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(4) 'હેન્તા વાયરસ' (Hanta Virus) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(i) તે મુખ્યત્વે ઉંદર દ્વારા ફેલાય છે.

(ii) આ વાયરસનું નામ ચીનમાં આવેલી 'હેન્તા' નદી પરથી રાખવામાં આવ્યું છે.

(iii) તેના દ્વારા રકતસ્ત્રાવી તાવ આવી શકે છે તથા તે ફેફસાંને પણ અસર કરી શકે છે.

(A) માત્ર (i)
(B) માત્ર (ii) અને (iii)
(C) માત્ર (i) અને (ii)
(D) માત્ર (i) અને (iii)

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ તાજેતરમાં ચીનમાં એક વ્યક્તિ હેન્તા વાયરસથી અસરગ્રસ્ત થયો હતો. આ વાયરસ મુખયત્વે ઉંદર સાથેના સંપર્કથી કે તેના પેશાબ, મળ, લાળ વગેરે દ્વારા માણસમાં પ્રવેશી શકે છે. (આથી, વિધાન (i) સાચું છે.)

⇒ આ વાયરસના માણસથી માણસમાં ફેલાવાના બનાવો ઓછાં જોવા મળ્યા છે.

⇒ આ વાયરસ દ્વારા શ્વસનક્રિયા સંબંધિત રોગો થાય છે. આથી, તે ફેફસાંને અસર કરે છે ઉપરાંત તેના દ્વારા કિડનીને પણ અસર થઈ શકે છે તથા તેના દ્વારા હેમોરેજીક ફીવર (રકતસ્ત્રાવી તાવ) પણ આવી શકે છે. (આથી, વિધાન (iii) સાચું છે.)

⇒ કોરીયાના યુદ્ધ દરમિયાન આ વાયરસ સામે આવ્યો હતો. આ દરમિયાન દક્ષિણ કોરીયાની 'હેન્તા' નદી પરથી આ વાયરસને 'હેન્તા' નામ આપવામાં આવ્યું હતું. (આથી, વિધાન (ii) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(5) સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરીષદ (UNSC) વિશે નીચેનામાંથી સાચું વિધાન પસંદ કરો.

(i) એપ્રિલ મહિનામાં UNSC કોરોના વાયરસની મહામારીના વિષય માટે એક પરીષદ યોજશે.

(ii) આ પ્રથમ બનાવ છે કે જેમાં UNSC કોઈ 'રોગ'ના હેતુથી મળી હોય.

(A) માત્ર (i)
(B) માત્ર (iii)
(C) (i) અને (iii) બન્ને
(D) એકપણ નહીં

⇒ જવાબ :- A

**સમજૂતી :**

⇒ 2 એપ્રિલના રોજ UNSC દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે COVID-19ના હેતુથી આવતા અઠવાડિયામાં એક સંમેલનનું આયોજન 'ટેલીકોન્ફરન્સ' થકી કરવામાં આવશે.

⇒ વર્ષ 2014માં UNSC એ 'ઈ–બોલા' રોગ માટે પણ એક સંમેલનનું આયોજન કર્યુ હતું. આ સમયે એક ઠરાવ પણ અપનાવવામાં આવ્યો હતો. જેનું નામ 'Resolution 2177' હતું. ઉપરાંત 2014માં UNSC દ્વારા 'ઈ–બોલા' સમક્ષ ઉલ્લેખનીય કામ કરવામાં આવ્યું હતું. (આથી, વિધાન (i) સાચું છે જ્યારે વિધાન (ii) ખોટું છે.)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT